THE LOK SABHA on Wednesday passed the Promotion and Regulation of Online Gaming Bill, 2025, recognising esports and social games while banning real-money formats. The Bill was tabled by the government earlier in the day.

Ministry of Electronics and Information Technology (MeitY) officials said the step prioritises public welfare over revenue, noting that online money games were causing losses of over ₹20,000 crore annually to users, prompting many to take drastic measures, including taking one's life.

Continued on Page 7

ASHWINI VAISHNAW, IT MINISTER

> Addiction to online money gaming has led to middle class families losing their entire life savings



Industry weighs legal options

OJASVI GUPTA & ANANYA GROVER,
New Delhi/Mumbai, August 20

AFTER THE GOVERNMENT unveiled a sweeping ban that could wipe out their businesses overnight, a shell-shocked online gaming industry has requested the government to reconsider and take a more calibrated stance on banning real money gaming (RMG). Some are also weighing the option of taking legal recourse. The Esports Players Welfare Association (EPWA) on Wednesday wrote to PM Narendra Modi expressing concerns over the Bill, cautioning that it could threaten the livelihoods of India's growing community of professional gamers.

Continued on Page 7

STOCKS REACT

Nazara Technologies ▼ 12.82%

Delta Corp	OnMobile Global
▲ 0.59%	▼ 3.42%

»INSIDE« IPL STARES AT A HIT P4 | BLANKET BAN INEFFECTIVE: RAMEESH KAILASAM P8 | LEGAL EXPERTS CALL IT 'DRACONIAN' P4

Centre red-flags Vedanta demerger

● Setback in SC too for the group over project in Punjab

URVI MALVANIA
Mumbai, August 20

THE PROPOSED DEMERGER of Vedanta, which will split the company into five specialised verticals, has run into fresh turbulence after objections from the central government were presented in the National Company Law Tribunal (NCLT) in Mumbai on Wednesday.

The ministry of petroleum and natural gas opposed the restructuring plan, raising concerns about guarantees provided by the company to the government, sources said.

Officials argued that the demerger created uncertainty over the enforceability of these guarantees. According to a report by *CNBC TV18*, the government also claimed Vedanta had concealed key information regarding the liabilities arising from the demerger, and that the firm has shown inflated revenues.

Continued on Page 7

WEB OF TROUBLE

■ Govt has raised concerns about guarantees provided by the company

■ The regulatory challenges come at a critical juncture for Vedanta



Anil Agarwal, chairman, Vedanta

PANELS WILL RECOMMEND ACTIONABLE ROADMAPS

Shah, Rajnath to head panels for economy, social reforms

ANIL SASI
New Delhi, August 20

TWO NEW INFORMAL groups of ministers (iGoMs) have been formed by the Centre under home minister Amit Shah and defence minister Rajnath Singh to prescribe reforms in the economic and social sectors, respectively.

Shah's panel comprises 13 members, including finance minister Nirmala Sitharaman and commerce and industry minister Piyush Goyal, with minister of railways, I&B and electronics & IT Ashwini Vaishnaw as the convener.

This group will focus on laying out the legislative and policy reform agenda in the technology and economic sectors, including finance, industry, commerce infrastructure, logistics, resources, science and technology, and governance.

The second 18-member grouping on social, welfare and security sectors is headed by defence minister Rajnath Singh. This will examine the scope for reforms in sectors including education, healthcare, defence, skilling, social welfare, housing, labour, etc. Others in this panel include road transport and highways minister Nitin Gadkari, agriculture minister Shivraj Singh Chouhan, with labour and sports minister Mansukh Mandaviya designated as its convener.

The groups have beens set up following Prime Minister Narendra Modi's Independence Day address where he pressed home the need for next generation reforms and announced the setting up of a task force. "Current rules, laws, policies, and procedures must be re-drafted to suit the 21st century and to align with the vision of making Bharat a developed nation by 2047," Modi had said.

Both groups have been asked to submit monthly reports on the progress made, followed by a consolidated reforms roadmap at the end of three months. Secretarial support for this would be provided by the finance ministry's department of economic affairs. The chairs of the two GoMs are vested with the mandate to invite ministers, secretaries and subject matter experts, as and when required.

A government source said these two panels are expected to go beyond just advisory roles and prescribe actionable roadmaps, with measurable outcomes to track these actions. Some of these metrics, sources said, include a calibrated and quantifiable reduction of compliance burden on citizens and businesses; driving employment generation and productivity enhancement, dismantling legacy bottlenecks and identifying reforms at the Central, state and municipal corporation levels.

The panels have also been tasked with suggesting legislative reforms that include repeal or changes to existing laws and readying the draft enabling legislations for futuristic sectors including digital health, fintech, the gig economy etc; identifying policy reforms; highlighting process-focused reform and institutional reforms that span the central, state and local levels.

DEVELOPMENT AGENDA

- Shah's panel will focus on laying out legislative, policy reform agenda in tech and economy
- This will comprises 13 members, including Sitharaman, Goyal and Vaishnaw
- The other 18-member group will be headed by Rajnath Singh
- This will examine the scope for reforms in education, healthcare, defence sectors

Trump's tariffs create 'urgency to transform India': Uday Kotak

GEORGE MATHEW
Mumbai, August 20

KOTAK MAHINDRA GROUP founder Uday Kotak on Wednesday said the uncertainty of Donald Trump's tariff regime had created "a sense of urgency for transforming India" and offered "a great opportunity to pivot".

In an interview with the *Financial Times*, Kotak said policymakers and businesses should use the trade war to "get focused on productivity, efficiency, excellence and building world-class brands". "Manufacturing has to play a very important role", he said, advocating that producers should not focus on India's large domestic market to avoid the need for "cutting-edge precision".

"We must think about this as an opportunity for us to get out of our cruise mindset and from a comfort mindset to 'we are at risk'," he said.

He called for "direct fiscal support" from the government to "turbocharge" small businesses in manufacturing, research and technology. The government should channel more budgetary support to small and medium-sized businesses as the economy grapples with Donald Trump's punishing tariffs, Kotak told the *FT*.

India's economy has come under renewed strain after Trump's recent move to impose an additional 25% tariff on Indian exports to the US, on top of the earlier 25% "reciprocal" levy. The additional tariffs are linked to India's continued purchase of discounted Russian oil — a practice Trump claims indirectly supports Russia's war effort in Ukraine.

Analysts have warned that the dual tariff regime could shave off 0.5 to 0.7 percentage points from India's GDP growth, making it critical for India to respond with robust internal reforms. These tariffs have woken Indians up to the risks of global dependency and the urgent need to strengthen our domestic ecosystem.

Earlier, chairman of RPG Enterprises Harsh Goenka had vowed to raise resolve in response to increased Trump tariffs. "You can tariff our exports, but not our sovereignty. Raise your tariffs — we'll raise our resolve, find better alternatives, and build self-reliance. India bows to none," Goenka said in a X post.

Anand Mahindra, chairperson of the Mahindra Group, had urged India to respond to Trump's announcement of a steep 50% tariff with reform rather than retaliation.

"Let the unintended consequences we create be the most intentional and transformative ones of all," said Mahindra in a post on X.

UDAY KOTAK, FOUNDER,
KOTAK MAHINDRA GROUP

Policymakers and businesses should use trade war to get focused on productivity, efficiency, excellence and building world-class brands

Provide financial support to oil firms for storage: House panel

ARUNIMA BHARADWAJ
New Delhi, August 20

THE STANDING COMMITTEE on petroleum and natural gas has urged the oil ministry to provide funds to state-run oil companies for creation of storage caverns near their refineries and also to look at various options to increase the strategic storage capacity in line with the rising domestic demand.

Currently, the country has 5.33 MT of crude oil storage capacity at three different locations — Vishakhapatnam (1.33 MT), Mangalore (1.5 MT) and Padur (2.5 MT) — built under phase I of strategic petroleum reserve (SPR) program.

"The committee are of the view that the existing refinery projects and the recently commissioned refineries may be asked to set up strategic storage capacity with a smaller capacity like 2 to 3 days at 5 to 6 locations which can bring up 15 to 20 days additional capacity in a definite time frame," it said.

Presently, the SPR and the commercial oil stocks held by refiners cumulatively account for 72-74 days of crude inventory, as per analysts, lower than the International Energy Agency recommended 90 days inventory.

While standalone strategic storage caverns at different locations also helps, capacities near the existing refinery may encourage the oil PSUs to establish and maintain them.

IOCL, BPCL resume buying of Russian oil

STATE-RUN REFINERS INDIAN Oil and Bharat Petroleum have bought Russian oil for September and October delivery, resuming purchases after discounts widened, two company officials said. The resumption in Russian oil imports by the refiners could reduce supplies for top buyer China which had stepped up purchases during their absence. The refiners halted purchases in July due to narrower discounts and after India was criticised by Washington for its purchases of Russian oil.

REUTERS

US tariff hike to hit MSMEs in textiles, diamonds: Crisil

INDIA'S MICRO, SMALL and medium enterprises (MSMEs) in textiles, gems and jewellery, chemicals, and seafood are bracing for a severe setback as the US doubles its ad valorem duty on Indian imports to 50%, effective August 27. These sectors — together accounting for nearly a quarter of India's exports to the US —have significant MSME participation, with over 70% in textiles and gems, and 40% in chemicals.

"Partial absorption of the increased product prices due to higher tariffs will put pressure on MSMEs, squeeze their already-slim margins and pose a material challenge to their competitiveness," Pushan Sharma, director at Crisil Intelligence, said in a report.

The impact will be most acute in hubs like Tirupur and Surat. Tirupur's readymade garment (RMG) exporters, who alone contribute over 30% of India's RMG exports, will now face a steep 61% effective duty — double that levied on competitors in Bangladesh and Vietnam (31%). Surat's diamond polishers, responsible for 80% of India's diamond exports, will also be hit hard, with the US accounting for nearly a third of their overseas sales.

Seafood exporters, meanwhile, will struggle against Ecuador, which enjoys both a lower 15% tariff and geographic proximity to the US.

FE BUREAU

Cut reliance on Chinese goods, suggests GTRI

INDIA MUST WEAN itself away from the Chinese imports of critical industrial inputs as increasing dependence on these goods is adding to the country's external vulnerabilities and giving the northern neighbour a huge leverage at the time of crisis, according to Global Trade Research Initiative (GTRI).

The recent curbs by China on exports of rare earth minerals gave a glimpse of the vulnerability that India faces. For now curbs will be lifted but can be brought in again. India's trade deficit with China of $ 100 billion becomes more serious as it dominates India's import basket in every major industrial category from pharmaceuticals and electronics to construction materials, renewable energy, and consumer goods.

In antibiotics like erythromycin, China supplies 97.7% of India's needs; in electronics, it controls 96.8% of silicon wafers and 86% of flat panel displays; in renewable energy, 82.7% of solar cells and 75.2% of lithium-ion batteries come from China. Even everyday products such as laptops (80.5% share), embroidery machinery (91.4%), and viscose yarn (98.9%) are overwhelmingly Chinese-sourced.

The imbalance is deepening as India's exports to China continue to decline, reducing India's share in bilateral trade to just 11.2% today from 42.3% two decades ago. "Such structural dependence exposes India to serious geopolitical risks and highlights the urgent need for domestic production capacity and resilient supply chains," GTRI founder Ajay Srivastava said.

FE BUREAU

RNI Regd. No. 38399/62
Postal Regd. No. Jam/GJN/18/2022-2025
At Posted Jamnagar gty. 361001
www.nobat.com
જામનગર-દેવભૂમિ દ્વારકા જિલ્લાનું સર્વ પ્રથમ સાંધ્ય દૈનિક
Page 8 Price : ₹ 3.50

નોબત

NOBAT (GUJARATI EVENING DAILY) PRINTED AT JAMNAGAR (GUJARAT),
21 AUGUST 2025, THURSDAY • Vol. No. 69 • PRICE ₹ 3.50 • ISSUE No. 084

■ Founder Editor: Late Ratilal Madhvani ■ Editor, Printer Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752

એનએસયુઆઈ- યુથ કોંગ્રેસ દ્વારા સ્કૂલને તાળાબંધીઃ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા બંધનું એલાનઃ પોલીસ સાથે ઘર્ષણઃ ટીંગાટોળી સાથે અટકાયતઃ

અમદાવાદમાં વિદ્યાર્થીની હત્યાના મુદ્દે ઉગ્ર આંદોલનઃ દુકાનો બંધ કરાવાઈઃ ૫૦૦ સામે ફરિયાદ

અમદાવાદ તા. ૨૧: અમદાવાદમાં સેવન્થ ડે સ્કૂલમાં એક વિદ્યાર્થી દ્વારા બીજા વિદ્યાર્થીની હત્યા અને ગઈકાલે થયેલી તોડફોડ પછી ૫૦૦ સામે ફરિયાદ નોંધાઈ છે. તો આજે વિશ્વ હિન્દુ પરિષદે મણીનગર અને આજુબાજુના વિસ્તારોમાં બંધનું એલાન આપ્યુ છે, જ્યારે યુથ કોંગ્રેસ તથા એનએસયુઆઈ દ્વારા સ્કૂલને તાળાબંધીના એલાન સાથે ભાજપ સરકાર વિરોધી નારેબાજી કરી હતી. પોલીસ સાથે ઘર્ષણ થતા પોલીસે આંદોલનકારીઓની ટીંગા ટોળી કરી અટકાયત કરી હતી.

સેવન્થ ડે સ્કૂલની માન્યતા રદ્દ કરવાની માંગણી, તમામ સ્કૂલોને પરિપત્રઃ સંચાલકો દોષિત હોવાનો રિપોર્ટઃ સ્કૂલો બંધઃ ચૂસ્ત બંદોબસ્ત

અમદાવાદની ખોખરાની સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યા પછી ૨૦ ઓગસ્ટના તોડફોડ અને હોબાળો થયો હતો. આજે પણ યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈ દ્વારા સ્કૂલને તાળાબંધીનું એલાન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા મણિનગર અને આસપાસના વિસ્તારોમાં સ્કૂલો સાથે ધંધા-વેપાર બંધ રાખી આંદોલનની જાહેરાત કરી હતી. જેને લઈ સમગ્ર વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

સેવન્થ ડે સ્કૂલની બહાર તથા સ્કૂલથી ૫૦૦ મીટર દૂર સુધી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. બંધના એલાનને સવારથી જ પ્રતિસાદ મળી રહ્યો છે. કેટલીક દુકાનો ચાલુ છે તો કેટલીક દુકાનો સવારથી બંધ છે. સિંધી માર્કેટ સંપૂર્ણપણે બંધ છે. તો મણીનગર, ખોખરા, ઈસનપુર વિસ્તારની ૨૦૦ જેટલી સ્કૂલો બંધમાં જોડાઈ છે.

અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યા બાદ ગતરોજ થયેલી મારામારી અને તોડફોડ મામલે ખોખરા પોલીસે ૫૦૦થી વધુના ટોળા વિરૂદ્ધ ફરિયાદ નોંધી છે. સ્કૂલના એડમિન મયુરિકા પટેલ આ ફરિયાદ નોંધાવી છે. સ્કૂલમાં ટોળાએ આવીને ઓફિસ, ક્લાસ રૂમ, સ્કૂલ બસના કાચ તોડી, એલ.સી.ડી, કોમ્પ્યુટર તોડીને ૧૫ લાખનું નુકસાન કર્યું હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. સાથે જ ટોળાએ સ્કૂલમાં રહેલ સ્ટાફ સાથે મારામારી કરી હતી. પોલીસની હાજરીમાં ટોળાએ તોડફોડ કરી હતી. ખોખરા પોલીસે રાયોટિંગ, મારામારી, નુકસાન પહોંચાડવા જેવી કલમ હેઠળ ગુનો નોંધાયો છે.

વિદ્યાર્થીની હત્યા મામલે આરોપી વિદ્યાર્થીની અટકાયત કરાઈ છે, ત્યારે હત્યાર કરનાર વિદ્યાર્થીને મદદ કરનાર અન્ય એક વિદ્યાર્થીની પણ શંકાને આધારે અટકાયત કરાઈ છે. હાલ બંને વિદ્યાર્થીઓ પોલીસ કસ્ટડીમાં છે. આ મામલે પરિવારે આક્ષેપ કર્યો છે. કે, બાળક ઈજાગ્રસ્ત હોવા છતાં સ્કૂલે એમ્બ્યુલન્સ બોલવાઈ ન હતી. આ ઉપરાંત પાણીનું ટેન્કર બોલાવી સ્ટૂડન્ટના લોહીના ડાઘા દૂર કરી પુરાવાનો નાશ કર્યો છે.

મણીનગર હીરાભાઈ ટાવર પાસે તમામ દુકાનોને બંધ કરાવવામાં આવી છે. બાઈકો સાથે રેલી કાઢી અને તમામ દુકાનોને બંધ કરાવવામાં આવી રહી હોવાનુ જાણવા મળે છે.

સૂત્રોના જણાવ્યા મુજબ સેવન્થ ડે સ્કૂલના વિદ્યાર્થીઓ એનએસયુઆઈ સાથે વિરોધમાં જોડાયા છે. ૩૦૦થી વધુ કાર્યકરો દોડતા સ્કૂલે પહોંચ્યા છે. પોલીસે દંડાથી બળપ્રયોગ કરી તમામને અટકાવ્યા છે. પોલીસની ૩ બસમાં કાર્યકરોની ટીંગાટોળી કરી અટકાયત કરવામાં આવી છે. પોલીસ અને ભાજપ વિરૂદ્ધ નારા લગાવ્યા છે. પોલીસે કાર્યકરોને પકડી-પકડીને બસમાં બેસાડયા હતાં. આસપાસના લોકોનું ટોળું મોટી સંખ્યામાં સ્કૂલ પર ભેગું થયું છે. પોલીસે ગઈકાલ જેવી ઘટના ન બને તે માટે તમામ લોકોને લાઠી બતાવી દૂર કર્યા છે.

પોલીસ તપાસમાં સેવન્થ ડે સ્કૂલની ગંભીર બેદરકારી સામે આવી છે. જાણવા મળ્યું છે કે બાળક ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોવા છતાં સ્કૂલ મેનેજમેન્ટે તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવી ન હતી. એટલું જ નહીં, પરંતુ ઘટનાસ્થળેથી પુરાવાનો નાશ કરવાનો પણ પ્રયાસ થયો હતો. વિદ્યાર્થીના લોહીના ડાઘા દૂર કરવા માટે પાણીનું ટેન્કર બોલાવી સફાઈ કરવામાં આવી હતી, જે એક ગંભીર ગુનો ગણી શકાય છે. આ મામલે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

ઉલ્લેખનિય છે કે,, અમદાવાદમાં ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ અન્ય ૭-૮ વિદ્યાર્થીઓ સાથે મળીને ૧૦માં ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી પર હુમલો કરતા તેને ચપ્પુ મારી દીધું હતું. હકીકતમાં, હુમલો કરનાર વિદ્યાર્થી અને પીડિત વિદ્યાર્થીનો થોડા દિવસ પહેલાં ધક્કામુક્કીના મામલે ઝઘડો થયો હતો. આ ઝઘડાની અદાવત રાખી આરોપી વિદ્યાર્થીએ સ્કૂલમાંથી છૂટ્યા બાદ ૭-૮ અન્ય વિદ્યાર્થીને ભેગા કરી બદલો લેવા માટે ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થી પર ચપ્પાનો વાર કર્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થી લોહીલુહાણ થઈ ગયો અને બાદમાં તેને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, સારવાર દરમિયાન વિદ્યાર્થીનું મૃત્યુ નિપજ્યું હતું.

અમદાવાદ શહેર ડીઈઓએ શિક્ષણ વિભાગને સોંપેલા રિપોર્ટમાં જણાવ્યું છે કે વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી ઘટનાની જાણ સ્કૂલ દ્વારા ડીઈઓને સાંજ સુધી કરવામા આવી ન હતી. ડીઈઓ કચેરી દ્વારા સ્કૂલને નોટિસ આપી ખુલાસો માંગવામા આવ્યો હતો પરંતુ આજ સુધીમાં સ્કૂલે ઘટનાને કોઈ ખુલાસો કે જવાબ પણ રજૂ કર્યો નથી. સ્કૂલમાં મુલાકાત દરમિયાન હાજર પોલીસ અધિકારીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓથી માંડી સ્થાનિક રહીશો સાથે ચર્ચા કર્યા બાદ ધ્યાને આવ્યુ છે કે વિદ્યાર્થીને પ્રાથમિક સારવાર આપવામાં ખૂબ જ વિલંબ કરાયો હતો. સ્થળ પર પ્રાથમિક સારવાર આપવામાં પણ શાળાએ ગંભીર ઉદાસીનતા દાખવી હતી.

અન્ય વાલીઓના જણાવ્યા મુજબ સ્કૂલમાં વિદ્યાર્થીઓ વચ્ચે અનેકવાર વિગ્રહના બનાવો બન્યા છે. પરંતુ સ્કૂલ આચાર્ય-સંચાલકે આ અંગે કરવાપાત્ર કાર્યવાહી પણ કરી નથી કે ડીઈઓ કચેરીને જાણ પણ કરી નથી. જ્યારે આજે સ્થાનિક રહીશો-વાલીઓના જનાક્રોશ-તોડફોડને લીધે સ્કૂલ સંચાલક, શિક્ષકો, સ્ટાફ સહિત તમામ લોકો સ્કૂલ છોડી ભાગી ગયા હતા અને જેને પગલે કોઈના રૂબરૂ નિવેદન લઈ શકાયા ન હતા. જો કે બીજી બાજુ વારંવાર ટેલિફોનિક સંપર્ક કરવા છતાં પણ આચાર્યનો સંપર્ક થઈ શક્યો ન હતો.

આમ શહેર ડીઈઓના રિપોર્ટ મુજબ સ્કૂલની અને સંચાલકની ગંભીર બેદરકારી આ સમગ્ર ઘટનામાં સામે આવી છે.જેથી મળતી માહિતી મુજબ હવે ડીઈઓ દ્વારા સ્કૂલની આઈએસસીઈ માટે અપાયેલ એનઓસી રદ કરવા માટે પણ ભલામણ કરવામા આવશે અને આ સ્કૂલમાં ધો.૧૧-૧૨ ગુજરાત બોર્ડમાં ચાલે છે જેથી ધો.૧૧-૧૨ની માન્યતા રદ કરવા-વર્ગો બંધ કરવા માટે પણ ગુજરાત બોર્ડને ભલામણ કરાશે.

અમદાવાદ શહેર ડીઈઓના પ્રાથમિક તપાસ અહેવાલ અને ગંભીર બેદરકારીના તારણ બાદ હવે સરકાર આ સ્કૂલની એનઓસી રદ કરે તેવી માંગણી ઉઠી રહી છે. જ્યારે બીજી બાજુ આ ઘટના પછી અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા તમામ સ્કૂલોને પરિપત્ર કરીને સ્કૂલમાં વિદ્યાર્થીઓની સલામતી અને સુરક્ષા માટે જરૂરી પગલા લેવા તેમજ સ્કૂલમાં શિસ્ત સમિતિની રચના કરવા આદેશ કરાયો છે. સમિતિમાં આચાર્ય, શિક્ષક તેમજ વિદ્યાર્થીને સભ્ય રાખવાના રહેશે. સમિતિએ સ્કૂલ કેમ્પસમાં, રિશેષ સમયે તેમજ મેદાનમાં અને સ્કૂલમાં આવવા-જવાના સમયે સલામતી જાળવવાની કાર્યવાહી કરવાની રહેશે.

કાર્ટુન કોર્નર

સંજય કોરીયા

અભ્યાસ કરતા બાળકોની સુરક્ષા-સલામતિનો મુદ્દોઃ સમાજ, સરકાર, વાલીઓ જાગે...

અમદાવાદની એક સ્કૂલમાં એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થીને છરી મારીને કરેલી હત્યાનો કિસ્સો સમાજ, સરકાર અને વાલીઓ માટે લાલબત્તી સમાન છે, અને શાળા સંચાલકો અને સ્કૂલ એડમિનિસ્ટ્રેશનની લાપરવાહી ઉપરાંત આપણા રાજ્યની સમગ્ર એજ્યુકેશન સિસ્ટમ સામે પણ સવાલો ઊભા કરે છે. આ મુદ્દે રાજ્યના શિક્ષણમંત્રી તથા કોંગ્રેસના પ્રવક્તાએ વ્યક્ત કરેલા પ્રતિભાવોનો સારાંશ પણ એવો નીકળે છે કે આ દુર્ભાગ્યપૂર્ણ અને ધ્રુજાવી દેનારી ઘટના પછી રાજ્યમાં શાળાઓ-કોલેજોના વિદ્યાર્થીઓમાં શિસ્ત, સંયમ વધે, તથા શિક્ષકો-સંચાલકો જવાબદાર બને તે જરૂરી છે.

એવું કહેવાય છે કે તિક્ષણ હથિયારથી ઘાયલ થયેલા વિદ્યાર્થીને શિક્ષકો અને સિક્યુરિટી ગાર્ડ જોતા રહ્યા, પરંતુ હોસ્પિટલે લઈ જવા કે એમ્બ્યુલન્સ બોલાવવાની તસ્દી લીધી નહીં, પરંતુ ઈજાગ્રસ્ત વિદ્યાર્થીના મિત્રો લોહીલુહાણ વિદ્યાર્થીને રિક્ષામાં હોસ્પિટલ લઈ ગયા હતા, અને સારવાર દરમ્યાન તેનું મૃત્યુ થતા આ ઘટના હત્યામાં પરિણમી હતી. આ પ્રકારની હરકતને શાળાના શિક્ષકો, સુરક્ષાકર્મી અને સંચાલકોની માત્ર બેદરકારી નહીં, પરંતુ ગુન્હાહિત પ્રકારની સંવેદનહીનતા પણ ગણાય.. હવે આ કેસની તપાસ ક્રાઈમ બ્રાન્ચ કરશે, અને આરોપી વિદ્યાર્થીઓ ઝડપાઈ ગયા હોવાનું કહેવાય છે, ત્યારે તપાસ પછી આ કેસમાં શાળાના જવાબદારોને પણ સહ-આરોપી બનાવાશે, તેવી અપેક્ષા લોકો રાખી રહ્યા છે.

જો કેન્દ્રીય કક્ષાની સ્કૂલોના સંચાલકો ગુજરાતના શિક્ષણ વિભાગના અંકુશમાં ન રહેતા હોય અને સ્થાનિક અધિકારીઓને ગાંઠતા ન હોય, તો પણ તે ડબલ-ત્રિપલ એન્જિનની સરકારોનો જ વાંક ગણાય, તેવા પ્રત્યાઘાતો સાથે આ કિસ્સાનો આક્રોશ હવે રાજ્યવ્યાપી બન્યો છે, અને રાજ્યની અન્ય સ્કૂલોમાં પણ વિદ્યાર્થીઓની સુરક્ષાના મુદ્દે રાજ્ય સરકારે વિશેષ મિકેનિઝમ ઊભું કરવું જોઈએ, તેવી માંગણી પણ ઉઠવા લાગી છે. આ ઘટના પછી અમદાવાદના જિલ્લા શિક્ષણાધિકારીએ જિલ્લાની તમામ શાળાઓ માટે શિસ્ત સમિતિની રચના સહિતની જે

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

બબ્બે વખત રણજીતસાગર છલકાયા પછી હવે

જામનગરની જીવાદોરી સમો સસોઈ ડેમ પણ ઓવરફ્લો

(તસ્વીરઃ નિર્મલ કારીયા)

જામનગર શહેર માટે પીવાના પાણીના મુખ્યસ્ત્રોત સમો રણજીતસાગર બબ્બે વખત ઓવરફલો થયા પછી હવે સસોઈ ડેમ પણ ઓવરફ્લો થતા નગરજનોમાં ખુશી ફેલાઈ ગઈ છે. પીવાના પાણી ઉપરાંત ખેતી, સિંચાઈ, ઉદ્યોગજગતને પણ ઘણો ફાયદો થશે.

ચોમાસા છતાં એસ.ટી નિગમે બસો ચાલુ રાખતા રાહત

ગુજરાતમાં ૭૫% થી વધુ વરસાદઃ ૧૨૧ ડેમ એલર્ટ પર

ગાંધીનગર તા. ૨૧: રાજ્યમાં સરેરાશ ૭૫% થી વધુ વરસાદ પડ્યો છે. રાજ્યના ૭૦ ડેમ હાઈ એલર્ટ, ૩૫ ડેમ એલર્ટ અને ૧૬ ડેમ વોર્નિંગ એલર્ટ પર મળીને કુલ ૧૨૧ જળાશયો એલર્ટ પર રખાયા છે.

રાજ્યમાં ચોમાસાની ઋતુમાં સાર્વત્રિક વરસાદના પરિણામે તા. ૨૧ ઓગષ્ટ ૨૦૨૫ની સ્થિતિએ સરેરાશ ૭૫ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ૭૮.૯૯ટકા વરસાદ દક્ષિણ ગુજરાતમાં, કચ્છમાં ૭૮.૮૧ ટકા, સૌરાષ્ટ્રમાં ૭૬.૩૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭૪.૬૭ ટકા જ્યારે પૂર્વ-મધ્યમાં ૭૧.૯૭ ટકા સરેરાશ વરસાદ વરસ્યો છે.

સાર્વત્રિક વરસાદના પરિણામે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ ૭૯.૩૭ ટકા ભરાયેલો છે. સરદાર સરોવર સિવાય રાજ્યના કુલ ૨૦૬ ડેમમાંથી ૫૫ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે. જ્યારે ૬૬ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા, ૩૬ ડેમ ૫૦ થી ૭૦ ટકા, ૩૦ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે અને ૧૯ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે. રાજ્યમાં હાલમાં ૭૦ ડેમ હાઈ એલર્ટ, ૩૫ ડેમ એલર્ટ તથા ૧૬ ડેમ વોર્નિંગ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં પાંચ તાલુકાઓમાં ૧૩ ઈંચ સુધી વરસાદ નોંધાયો છે. જેમાં જુનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં ૧૩ ઈંચથી વધુ, કેશોદ તાલુકામાં ૧૧ ઈંચથી વધુ, વંથલી તાલુકામાં ૧૦ ઈંચથી વધુ તેમજ પોરબંદર જિલ્લાના પોરબંદર તાલુકામાં ૧૦ ઈંચ અને નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં ૯ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

ચોમાસાની સ્થિતિમાં ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની એસ.ટી. બસોના સફળ આયોજનના પરિણામે નહિવત ટ્રીપો રદ કરીને ૧૪હજારથી વધુ રૂટ પર ૪૦ હજારથી વધુ ટ્રીપો પૂર્ણ કરીને વાહન વ્યવહારની સુવિધા નાગરિકોને પહોંચાડવામાં આવી છે.

ગઈકાલે એનડીએ તરફથી સી.પી. રાધાકૃષ્ણને ઉમેદવારી નોંધાવી હતીઃ

ઉપરાષ્ટ્રપતિ પદ માટે ઈન્ડિયા ગઠબંધન તરફથી આજે સુદર્શન રેડ્ડીએ નોંધાવી ઉમેદવારી

નવી દિલ્હી તા. ૨૧: ગઈકાલે એનડીએ તરફથી સી.પી. રાધાકૃષ્ણને ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવ્યા પછી આજે ઈન્ડિયા ગઠબંધન તરફથી સુદર્શન રેડ્ડીએ ઉમેદવારીપત્ર ભર્યું હતું.

દેશના ઉપરાષ્ટ્રપતિ પદ માટે આજે વિપક્ષના ગઠબંધન આઈએનડીઆઈએ તરફથી સુપ્રિમ કોર્ટના પૂર્વ જજ બી. સુદર્શન રેડ્ડીએ ઉમેદવારી નોંધાવી છે. આ અવસર પર કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સપા નેતા રામગોપાલ યાદવ, એનસીપી પ્રમુખ શરદ પવાર, શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉત સહિત વિપક્ષના દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ગઈકાલે એનડીએ ગઠબંધનના સીપી રાધાકૃષ્ણનને આ પદ માટે ઉમેદવારી નોંધાવી હતી. તે સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના એનડીએના સર્વોચ્ચ નેતાઓ હાજર રહ્યા હતાં.

બી સુદર્શન રેડ્ડીએ ઉમેદવારી નોંધાવતા પહેલા સંસદ ગૃહની બહાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પ્રતિમા સમક્ષ નમન કર્યું હતું. તેમણે સ્વતંત્રતા સેનાની અને મહાન નેતાઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સૂત્રો અનુસાર સુદર્શન રેડ્ડીએ ચાર સેટમાં ઉમેદવારી નોંધાવી છે, જેમાં ૨૦ પ્રસ્તાવક અને ૨૦ સમર્થક સામેલ રહ્યા છે.

ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી ૯ સપ્ટેમ્બરના યોજાવાની છે. ચૂંટણી પરિણામ પણ તે જ દિવસે જાહેર થશે. ઉપરાષ્ટ્રપતિની પસંદગી માટે લોકસભા અને રાજ્યસભાના સભ્યો મતદાન કરે છે. વર્તમાન સ્થિતિમાં સંખ્યા બળમાં એનડીએ ગઠબંધનનું પલડું ભારે છે, જો કે બન્ને સંસદ ગૃહની સંયુક્ત ક્ષમતા પર નજર કરીએ તો એનડીએ ગઠબંધનમાં ૭૮૬ બેઠક છે, જેમાંથી છ બેઠક હાલ ખાલી છે. એક લોકસભામાં (બશીરહાટ, પશ્ચિમ બંગાળ) અને પાંચ રાજ્યસભા, જેમાં ચાર જમ્મુ-કાશ્મીર અને એક પંજાબમાં બેઠક છે.

યુનોમાં અમેરિકાના પૂર્વ રાજદૂત

નિક્કી હેલીએ ભારત સાથે સંબંધ બગાડવા સામે રાષ્ટ્રપતિ ટ્રમ્પને ચેતવ્યાઃ વ્યૂહાત્મક ભૂલ ગણાવી

વોશિંગ્ટન તા. ૨૧: યુનોમાં અમેરિકાના પૂર્વ રાજદૂત નિક્કી હેલીએ ટ્રમ્પને અરિસો દેખાડી ભારતની તાકાતનો અહેસાસ કરાવતા ટ્રમ્પ પોતાના ઘરમાં જ ઘેરાયા છે. તેમણે કહ્યું કે ભારત સાથે દુશ્મની મોંઘી પડી શકે તેમ છેઃ જો કરશો તો મોટી રાજકીય ભૂલ હશે.

સંયુક્ત રાષ્ટ્રમાં ભુતપૂર્વ યુએસ રાજદૂત નિક્કી હેલીએ ચેતવણી આપી છે કે વોશિંગ્ટન અને નવી દિલ્હી વચ્ચેના સંબંધો તૂટવાની આરે છે અને જો ચીનના વધતા પ્રભાવ વચ્ચે વોશિંગ્ટન નવી દિલ્હી ગુમાવે છે, તો તે એક વ્યૂહાત્મક આપત્તિથી ઓછું કંઈ નહીં હોય. આ સાથે તેમણે ટ્રમ્પ વહીવટી તંત્રને ભારત સાથે દુશ્મન જેવો વ્યવહાર ન કરવા ચેતવણી પણ આપી. હેલીએ કહ્યું કે અમેરિકાએ શક્ય તેટલી વહેલી તકે બંને દેશો વચ્ચેના સંબંધો સુધારવા જોઈએ.

ન્યુઝવીકમાં પ્રકાશિત એક લેખમાં, હેલીએ કહ્યું કે ટ્રમ્પ વહીવટી તંત્ર રશિયન તેલ અને ટેરિફ વિવાદો વચ્ચે ભારત અને અમેરિકા વચ્ચે તિરાડ ઊભી કરી શકતું નથી, તે તેમને વિશ્વના બે સૌથી મોટા લોકશાહી દેશો વચ્ચે તિરાડ ઊભી કરવાની મંજૂરી આપી શકતું નથી. તેણીએ લખ્યું, "અમેરિકાએ સૌથી મહત્ત્વપૂર્ણ ધ્યેયનો અવગણવો જોઈએ નહીં. ચીનનો સામનો કરવા માટે, અમેરિકાને ભારતના રૂપમાં

એક મિત્ર હોવો જોઈએ. આવા સમયે વોશિંગ્ટન નવી દિલ્હી ગુમાવી શકે નહીં." ભારત સાથે દુશ્મન જેવો વ્યવહાર ન કરી શકાય.

નિક્કી હેલીએ ટ્રમ્પ વહીવટી તંત્રને ચેતવણી આપી હતી કે ભારત વોશિંગ્ટન માટે મિત્ર કરતા વધુ છે. તેમણે દલીલ કરી હતી કે ભારત વોશિંગ્ટનના આર્થિક અને સુરક્ષા લક્ષ્યો માટે મહત્તવપૂર્ણ છે. આજે અમેરિકા તેના ઉત્પાદન એકમને ચીનની બહાર ખસેડવા માંગે છે. અને ભારત સિવાય કોઈ આ તક આપી શકતું નથી. ભારત પાસે ચીન જેટલા જ દરે કપડા, ફોન અને સોલાર પેનલ જેવી વસ્તુઓનું ઉત્પાદન કરવાની ક્ષમતા છે.

ગ્રાહક અને સંચાલક વચ્ચે થયેલી બોલાચાલી પછી

જામનગર નજીકના દરેડમાં જમવા ગયેલા ગ્રાહક પર ડાયનીંગ હોલ સંચાલક પરિવારનો હુમલો

જામનગર તા. ૨૧: જામનગર નજીકના દરેડ ગામમાં આવેલા ડાયનીંગ હોલમાં જમવા ગયેલા સિક્યુરિટી કંપનીના સુપરવાઈઝર અને તેના સંચાલક પર ધોકા-પાઈપ વડે હુમલો કરીને તેમજ ઢીકાપાટુનો માર મારવા અંગે એક પરિવારના બે મહિલા સહિત છ વ્યક્તિઓ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે.

જામનગરમાં શાંતિનગર-૫ વિસ્તારમાં રહેતા હરદેવસિંહ બટુકસિંહ વાળા (ઉ.વ.૫૭)એ પોતાના પર તેમજ પોતાની એક્ટિવ સિક્યુરિટી સર્વિસના સુપરવાઈઝર સંજીવકુમાર દ્વિવેદીને ગાળો ભાંડીને લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે હુમલો કરીને તેમજ ઢીકાપાટુનો માર મારવા અંગે સુનિલ નંદા, વિશાલ સુનિલ નંદા, ધ્રુવ સુનિલ નંદા, રોહિત નંદા, નિશાબેન સુનિલ નંદા અને માયાબેન વશીયર સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

સિક્યુરિટી કંપનીના સુપરવાઈઝર સંજીવકુમાર દ્વિવેદી દરેડના શિવમ ડાયનીંગ હોલમાં જમવા ગયા હતા. ત્યારે સુનિલ અને વિશાલ નંદા નામના ડાયનીંગ હોલના સંચાલક પિતા-પુત્ર સાથે બોલાચાલી થતાં પિતા-પુત્રએ સંજીવકુમારને માર માર્યો હતો. આથી સંજીવકુમારે પોતાની સિક્યુરિટી કંપનીના સંચાલકને ફોન કરી બોલાવ્યા હતા. આથી હરદેવસિંહ વાળા ત્યાં આવી પહોંચ્યા હતા. ત્યારે આ તમામ છ વ્યક્તિઓએ બંને પર હુમલો કર્યો હતો. પોલીસે હરદેવસિંહ બટુકસિંહ વાળાની ફરિયાદના આધારે ગુન્હો નોંધ્યો છે જેની તપાસ એએસઆઈ એમ.એમ. જાડેજા ચલાવી રહ્યા છે.

રઘુવંશી સોશિયલ ગ્રુપ-શ્રી જલારામ મંદિર દ્વારા દાતાના સહયોગથી

દ્વારકાના ૧૪૦ જરૂરતમંદ પરિવારોને અનાજકીટ વિતરણ: મુંબઈના દાતા પરિવારનું સન્માન

(તસ્વીર: રવિ બારાઈ)

શ્રી રઘુવંશી સોશિયલ ગ્રુપ, શ્રી જલારામ મંદિર, દ્વારકા યજમાન મે. રૂઘાણી બ્રધર્સ, શ્રી કાંતિભાઈ રૂઘાણી પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી ૧૪૦ જરૂરિયાતમંદ પરિવારને અનાજ કીટનું જન્માષ્ટમી પર્વને અનુલક્ષીને વિતરણ કરવામાં આવ્યું. યજમાન પરિવાર વતી નટુભાઈ રૂઘાણી, ભવ્યભાઈ રૂઘાણી તથા પરિવાર ઉપસ્થિત રહ્યા હતાં. જેનું સન્માન કે.જી. હિંડોચા, અશ્વિનભાઈ ગોકાણી, ઈશ્વરભાઈ ઝાંખરિયા દ્વારા કરવામાં આવ્યું હતું. સુરેશભાઈ દત્તાણી, હિરેનભાઈ ઝાખરિયા, પ્રતાપભાઈ દામાણી, કાર્યકરો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઊઠાવી હતી.

'આપ'ના જિલ્લા પ્રમુખનો આક્રોશ:

કપાસ ઉપરની આયાત ડ્યુટી નાબૂદ કરવાનો નિર્ણય ગુજરાતના ખેડૂતોને પાયમાલ કરશે

જામનગર તા. ૨૧: તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે, ત્યારે કેન્દ્ર સરકાર તથા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશના કરોડો ખેડૂતોને વિશ્વાસ આપવામાં આવ્યો હતો કે દેશના ખેડૂતો સાથે કોઈપણ જાતનો અન્યાય નહિં થાય અને ભાજપ સરકાર દ્વારા મોટી ડંફાશો મારી તેનો ખૂબ જ પ્રચાર પણ કરવામાં આવ્યો હતો, પરંતુ આજે દેશના વડાપ્રધાન દ્વારા અમેરિકાના દબાણમાં આવી અમેરિકા, બ્રાઝીલ અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાંથી આયાત થતા કપાસ પર જે ૧૧ ટકા ડ્યુટી હતી ને નાબૂદ કરી ૦ ટકા કરવામાં આવી, તેનાથી અમેરિકા જેવા દેશોમાંથી પુષ્કળ પ્રમાણ કપાસ આયાત કરવા અને વિદેશોને વેપાર કરવા લાલ જાજમ પાથરવામાં આવી છે.

વિદેશમાં ખેડૂતલક્ષી નીતિના કારણે ત્યાં કપાસના બિયારણોમાં આધુનિક બી.ટી. ૯ સુધીની મંજુરીઓ આપવામાં આવેલ છે. તેનાથી ત્યાં લીધે ૭૦ મણ કપાસ ઉત્પાદન થાય છે, જ્યારે તેની સામે ભારતમાં બિયારણ સંશોધન હોવા છતાં બી.ટી. ૨ ની જ મંજુરી આપવામાં આવી હોવાથી આપણા ખેડૂતોને વીધે સરેરાસ ૧૫ થી ૨૦ મણ જ ઉત્પાદન થાય છે, તેથી આપણા ખેડૂતોની કપાસ ઉત્પાદન પડતર કિંમત વધી જાય છે. 'ઘરના ખેડૂતો ઘંટી વગાડશે અને વિદેશીઓ વેપાર કરશે' તે ઉપરાંત આ નિર્ણયથી દેશના કપાસ પકવતા કરોડો ખેડૂતોની મજાક કરવામાં આવી છે. અમેરિકાના દબાણમાં લેવામાં આવેલો આ નિર્ણયથી ગુજરાત અને ખાસ કરી સૌરાષ્ટ્રના લાખો ખેડૂતો પ્રભાવિત થશે. તેમના કપાસનો યોગ્ય ભાવ નહિં મળે અને ઉતાવળે લીધેલા આ નિર્ણય ખેડૂતોને પગ ઉપર કુહાડાના ઘા સમાન સાબિત થશે.

આ નિર્ણયથી કેન્દ્રિય ભાજપ સરકારે ફરીવાર સાબિત કર્યું છે કે તેમની સરકાર ખેડૂતોની નહિં પણ ઉદ્યોગપતિઓની સરકાર છે. ખેડૂતોને પાયમાલ કરવા માટે લેવામાં આવેલ આ નિર્ણયને આમ આદમી પાર્ટીના જામનગર જિલ્લા પ્રમુખ વશરામભાઈ રાઠોડે વખોડી કાઢી ઉગ્ર આક્રોશ વ્યક્ત કર્યો છે.

ભાદરવામાં ચાર દિવસીય મેળામાં લાખો લોકો ઉમટે છે:

ખંભાળીયાનો પ્રસિદ્ધ શીરેશ્વરનો લોકમેળો લૂંટમેળો ન બને: પંચાયતના બદલે તંત્ર કરે આયોજન: લોક માંગણી

આજુબાજુના જિલ્લાઓમાંથી પણ લોકો મેળો માણવા આવે છે અને રાત્રિ મેળા તરીકે ઓળખાતા આ લોકમેળાની વ્યવસ્થાઓ માત્ર ગ્રામ પંચાયત સંભાળી નહીં શકે, તેવો લોકમત

ખંભાળીયા તા. ૨૧: દેવભૂમિ દ્વારકા જિલ્લાનો સૌથી મોટો મેળો ભાદરવા માસની ત્રીજ થી છઠ્ઠ સુધી ચાર દિવસનો યોજાય છે. પાંચમનો આ મેળો સૌરાષ્ટ્રમાં છેલ્લા મેળાઓમાંનો હોય, તથા આ મેળામાં ખંભાળીયા જ નહીં, પણ દ્વારકા જિલ્લાભરમાંથી તથા નજીકના પોરબંદર, રાજકોટ, જામનગરથી પણ લોકો મેળો માણવા ઉમટતા હોય છે, રાત્રિ મેળા તરીકે જાણીતો આ મેળો સવાર સુધી ચાલતો હોય, અનેક વખત આ મેળો "લૂંટમેળો" બનતો હોય, રાઈડોના ભાવ ફીક્સ હોય પણ જેવી ભીડ વધે એટલે વધુ ક્યાંક ડબલ, ચીજ-વસ્તુ-ખાણીપીણીના પણ મનફાવે તેવા ભાવો, પાર્કીંગ, અવ્યવસ્થા, અવરજવરને લીધે મેળામાં લોકો ફસાઈ જતા હોય, ઝઘડા થતા હોય, મેળાનું આયોજન કરનાર સામાન્ય ગ્રામપંચાયત રોજ લાખ-દોઢલાખ લોકોના આગમનની વ્યવસ્થા ન સંભાળી શકે તેમ હોય, રાજકોટ ગેમઝોનમાં જેમ ગંભીર અકસ્માત થયો તેવો અહીં ન થાય તે માટે જરૂરી કડક નિયમો સાથે સુપરવિઝન તથા રેવન્યુ અધિકારીના માર્ગદર્શનમાં આ મેળો યોજાય તેવી માંગણી કરાઈ છે.

ખાસ કરીને લોકમેળામાં પાર્કીંગ તથા અવરજવર અને ખાણી-પીણીના તથા રાઈડોના ભાવો કંટ્રોલમાં રહે તેવી માંગ ખાસ ઊઠી છે.

પોલીસ તથા રેવન્યુ તંત્ર દ્વારા સંકલન કરીને આ કામગીરી થાય તથા મેળામાં હેલ્પલાઈન નંબર, પોલીસ તથા નિયમ પાલન માટે ખાસ વ્યવસ્થા રાખવા પણ માંગ ઊઠી છે. લાખોના પ્લોટ લઈ તેનાથી ઘણાં મોટા કમાનારા ગ્રામપંચાયતનું માને તેમ ન હોય મેળાનું સમગ્ર સંચાલન રેવન્યુ અધિકારીની દેખરેખમાં થાય તેવી માંગ ઊઠી છે.

સંક્ષિપ્ત સમાચાર

- ★ કેન્દ્ર સરકારે સામન્ય લોકોના સ્વાસ્થ્ય અને જીવન વીમા પોલિસી પર જીએસટી ૧૮%થી ઘટાડી શૂન્ય કરવા પ્રસ્તાવ મૂક્યો.
- ★ રાજ્યપાલ વિધાનસભામાં પાસ થયેલ બિલને ફરીવાર રાષ્ટ્રપતિ પાસે મોકલી શકે નહીં: સુપ્રિમકોર્ટ.
- ★ મુંબઈ: માટુંગાના 'જીએસબી સેવા મંડળ'એ આ વર્ષે તેના ઉત્સવનો રૂા. ૪૭૪.૪૬ કરોડનો વીમો કરાવ્યો.
- ★ મુંબઈમાં ઓગષ્ટમાં ૧૦૦૦ મી.મી. વારસાદ ખાબક્યો, જે સામાન્યથી બમણો.
- ★ મંદિરની સંપત્તિ પર સરકારનો કન્ટ્રોલ યોગ્ય ન કહેવાય: રામભદ્રાચાર્ય.
- ★ સમગ્ર ભારતના પોર્ટમાંથી પાંચ વર્ષમાં ૧૧,૩૧૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું.
- ★ એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભારતીય ખેલાડી સૌરભસને સુરૂચિએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો.
- ★ ઉત્તરપ્રદેશમાં જલાલાબાદનું નામ બદલીને પરશુરામપુરી કરાયું.

ધ્રોળના ત્રણ વોર્ડના પ્રશ્નો અંગે તથા ચીફ ઓફિસરના રાજીનામાની માગણી

જામનગર તા. ૨૧: ધ્રોળ શહેરના વોર્ડ નં. 3, ૪ અને ૫ ના પ્રશ્નો અંગે ધ્રોળના ચીફ ઓફિસર ભેદભાવભર્યું વર્તન રાખતા હોય, જામનગર જિલ્લા સુન્ની મુસ્લિમ જમાત તાજિયા કમિટીના પ્રમુખ કાસમભાઈ દરજાદાએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે.

ધ્રોળના ખાટકીવાડ પાસે આવેલા કબ્રસ્તાન વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટો નથી. અહીં મરેલા ઢોરને ઉપાડવામાં આવતા નથી. કબ્રસ્તાનમાં દફનવિધિ માટે આવેલા લોકોને રાત્રે અંધારામાં ભારે મુશ્કેલી પડે છે. મરેલા ઢોરના કારણે રોગચાળો ફેલાવાની દહેશત છે. જો આ પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી આપવામાં આવી છે.

જૈનોના પર્યુષણ પર્વ દરમિયાન પોલીસ બંદોબસ્ત-ટ્રાફિક વ્યવસ્થા માટે રજૂઆત

જામનગર તા. ૨૧: જૈનોના મહાપર્વ પર્યુષણ દરમિયાન શહેરના જૈન દેરાસરો, ઉપાશ્રયો, વાડીઓ આસપાસ મોટી સંખ્યામાં જૈન સમાજના બાળકો, મહિલાઓ, ભાવિકો, વૃદ્ધો સેવા-પૂજા, વ્યાખ્યાન, ધાર્મિક ક્રિયાઓ, નાતજમણ વગેરે માટે આવતા-જતા હોય છે ત્યારે શહેરના આણદાબાવા ચકલો, મહાલક્ષ્મી ચોક, પંચેશ્વર ટાવર, બારોટ ફળી, ચાંદીબજાર, ઓશવાળ કોલોની, હરિયા સ્કૂલ કામદાર કોલોની, પ્રતાપ વિલાસ પેલેસ, લાલવાડી વિગેરે વિસ્તારોમાં પોલીસ પેટ્રોલીંગ, મહિલા પોલીસ સાથે કડક બંદોબસ્ત તથા ટ્રાફિક વ્યવસ્થા જાળવવા જૈન અગ્રણી નીતિનભાઈ સોલાણીએ રજૂઆત કરી છે.

ઠેર ઠેર જલભરાવ - લોકોના ઘરોમાં ઘૂસ્યા પાણી

મીઠાપુર અને સુરજકરાડીમાં ગઈકાલથી મેઘાની ધમાકેદાર એન્ટ્રી: ૧૦ ઈંચ વરસાદ

(તસ્વીર: નીરવ સુતરીયા-મીઠાપુર)

દ્વારકા તાલુકાના મીઠાપુરમાં ગઈકાલે હવામાન વિભાગની આગાહી મુજબ સાંજે લગભગ છ વાગ્યાથી વરસાદની ગાજવીજ સાથે ધમાકેદાર એન્ટ્રી થઈ હતી, અને વરસાદ રાત્રે લગભગ એક વાગ્યા સુધી ચાલુ હતો, તેના કારણે સોસાયટીઓ, ઉદ્યોગનગર જી.આઈ.ડી.સી. જેવા અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થય ગયા હતાં. ગઈકાલ સાંજથી આજે સવાર સુધીમાં ૧૦ ઈંચ વરસાદ ખાબકતા ઠેર ઠેર પાણી પાણી જોવા મળે છે અને લોકોના ઘરોમાં પણ પાણી ઘૂસી ગયા છે.

પાંડવોના અજ્ઞાતવાસ સાથે સંકળાયેલું સ્વયંભૂ શિવલીંગ:

જામજોધપુરના સડોદર પાસે બિરાજતા ફૂલનાથ મહાદેવના મંદિરનો ઈતિહાસ

ફૂલોમાંથી સ્વયંભૂ શિવલીંગ પ્રગટ થયું હોવાથી મંદિરનું નામ ફૂલનાથ મહાદેવ પડ્યું છે: જામનગરથી સડોદર મંદિરે પહોંચવા માટે રોડ તેમજ બસની સુવિધા છે

જામજોધપુર તા. ૨૧: જામજોધપુર તાલુકાના સડોદર ગામની બાજુમાં બિરાજમાન ફૂલનાથ મહાદેવ મંદિરનો ઈતિહાસ પાંડવોના ઈતિહાસ સાથે સંકળાયેલો છે.

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના સડોદર ગામની બાજુમાં ફૂલનાથ મહાદેવ બિરાજમાન છે. આ જગ્યાએ પાંડવો તેમજ માતા કુંતાએ પોતાના વનવાસ બાદના ૧૩મા અજ્ઞાતવાસ દરમ્યાન રાતવાસો કર્યો હતો. માતા કુંતાને દરરોજ સવારે મહાદેવની પૂજા કરવાનો નિયમ હોવાથી શિવલીંગ સાથે રાખતા. ફૂલનાથ પહેલા તેઓએ લાલપુર તાલુકના ગજણા ગામે રોકાણ કર્યું હતું અને ભીમ ભોળેશ્વરની ટેકરી પર શિવલીંગ ભૂલી ગયા હતા. પોતાની માતાને પૂજાપાઠ માટે શિવલીંગ જોશે તેવા વિચારોમાં ભીમને ઊંઘ ન આવી અને સવારે વહેલા જંગલમાંથી ફૂલ વીણી વીણીને ફૂલના શિવલીંગ બનાવ્યા અને પોતાની માતાને કહ્યું કે મે શિવલીંગને ફૂલથી શણગાર્યા છે.

માતા કુંતા જ્યારે જળનો લોટો ચડાવવા ગયા ત્યારે ભીમને પણ ડર હતો કે તેની પોલ ખુલી જશે. પરંતુ તેઓ જેમ જળ ચડાવતા ગયા તેમ ફૂલ નીચે પડતા ગયા અને હાલનું જે શિવલીંગ છે તે સ્વયંભૂ પ્રગટ થયું છે. જે "ફૂલનાથ મહાદેવ મંદિર" તરીકે ઓળખાય છે. બાદમાં ભોળા ભીમે તેની માતાને સાચી વાત કરી, પરંતુ માતા ગુસ્સે થવાને બદલે પ્રસન્ન થયા કે ભીમની ભૂલથી તો સ્વયં ભોળાનાથે પ્રગટ થઈ આપણને આશીર્વાદ આપ્યા.

પાંડવોએ રાતવાસો દરમ્યાન અહીં આંબો વાવ્યો હતો. જે હાલમાં પણ ત્યાં હયાત છે. સડોદરના ફૂલનાથ મંદિરે આવવા તથા જવા માટે પાકો રોડ તથા બસની સુવિધા છે. સવાર સાંજ અહીં આરતી થાય છે. શ્રાવણ અમાસના ત્રણ દિવસ દરમ્યાન મેળો ભરાય છે. અને હજારો ભક્તો મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવે છે.